| | |
|---|---|
| | દાખલ થયા તારીખ ::–૨૧/૦૫/૨૦૨૬ |
| | નોંધણી થયા તારીખ ::–૨૧/૦૫/૨૦૨૬ |
| | ફેંસલ થયા તારીખ ::– ૨૪/૦૬/૨૦૨૬ |
| | |

**<u>નર્મદાના મહે. એડી. સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ</u>**

**<u>કોર્ટ સમક્ષ, મુ. રાજપીપલા</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૨૩૧/૨૦૨૬</u>**

**<u>આંક–</u>**

ફરીયાદી: શ્રી સરકાર

:– વિરૂધ્ધ–:

તહોમતદાર:– લલીતાબેન વા/ઓફ જયેશભાઇ મનુભાઇ વસાવા
રહે.બોરીદ્રા, તા.નાંદોદ,જી.નર્મદા

ગુન્હો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(સી,ડી) મુજબ

ફરીયાદપક્ષ તરફે ::– વિ.એ.પી.પી.શ્રી.એચ.જે.વકીલ
તહોમતદાર તરફે ::– વિ.વ.શ્રી.આર.એમ.બલુચી

::– **<u>ચુકાદો</u>** –::

<u>૧.</u> ફરીયાદપક્ષના કેસની સંક્ષીપ્ત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ કલાક ૧૭:૦૦ વાગે ઉપરોકત રહેઠાણે પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે તાડી લી.૫ કીં.રૂ.૫૦/– નો પ્રોહી મુદામાલ રાખી ગુજરાત પ્રોહી એકટની કલમ–

૬૫(સી,ડી) મુજબનો ગુનો કરતા, સબબ તહોમત માટે સંબંધિત અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. ત્યારબાદ સબબ કેસ અત્રેની અદાલત પાસે તબદીલ થઇ આવતા, હાલના કામના આરોપી સામે કેસની સુનાવણી માટે પ્રોસેસ કાઢવામાં આવેલ છે અને તે પ્રોસેસની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીને પોલીસ પેપર્સ આપવામાં આવેલ છે જેની ખાતરી આરોપીએ પોતાના નીવેદનમાં આપેલ છે. ત્યારબાદ સબબ કામે હાલના કામના આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ થી પ્લી નોંધતા તેમાં આરોપીએ તેમની સામેનો ગુનો ઇન્કાર કરતા સબબ કેસ સંબંધે તેમની સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસના સમર્થનમાં પોતાનો પુરાવો રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

૩ . સદર કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

સદર કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u>:–

| <u>સાહેદ નંબર</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | પંચસાહેદ ગણપતભાઇ મોવાસીભાઇની જુબાની | ૬ |
| ૨ | ફરીયાદી/ત.ક.અ. કીરણભાઇ પ્રભુભાઇની જુબાની | ૮ |

<u>દસ્તાવેજી પુરાવો</u>:–

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનાં પંચનામાની નકલ | ૭ |
| ૨ | ફરીયાદની નકલ | ૯ |

૪. ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવાનુ જણાવતા હાલના કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ

છે.

પ. ત્યારબાદ સબબ કામે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ તહોમતદારનું વીશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર ન આવતા સદર કામે વીશેષ નીવેદન નોંધવવામાં આવેલ નહી.

૬. સબબ કામ દલીલના તબકકે આવતા બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ છે.

૭. ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

**:– મુદ્દા –:**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ કલાક ૧૭:૦૦ વાગે ઉપરોકત રહેઠાણે પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે તાડી લી.પ કીં.રૂ.૫૦/– નો પ્રોહી મુદામાલ રાખી ગુજરાત પ્રોહી એકટની કલમ–૬૫(સી,ડી) મુજબ ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

૮. ઉપરોકત મુદાઓ સંબંધે મારા નીર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ :– નકારમાં

મુદા નં.૨ :– આખરી હુકમ મુજબ

૯. ઉપરોકત નીર્ણયોના મારા કારણો, અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

**:–કા ર ણો–:**

મુદા નં.૧:–

૧૦. હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, આરોપી સામે આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થવા માટે આંક–૬ થી રજુ પંચસાહેદની જુબાની ખુબ જ મહત્વની ધરાવે છે. જેનુ કારણ એકમાત્ર એ પણ છે કે, હાલના કેસની હકીકતોના સ્વતંત્ર સાહેદ છે. પંરતુ હાલના કામે રજુ તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ સબબ કામે આંક–૭ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે અને તે સીવાય

પંચનામામાં રહેલ કોઇ હકીકતોને તેઓએ સમર્થન આપતી જુબાની અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી.

૧૧. તે ઉપરાંત હાલના કામે ફરીયાદપક્ષે જે આંક–૮ થી સાહેદ તપાસેલ છે તે પોલીસ સાહેદ છે અને સ્વાભાવીકપણે તેઓએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ જુબાની અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે. પરંતુ આ પોલીસ સાહેદો ધ્વારા આવા પ્રકારના ગુના પકડવા માટે ડ્રાઇવ કાઢવામાં આવતી હોય તો તેવા સંજોગોમાં પોલીસ સાહેદોએ સ્વતંત્ર સાહેદો રહી જતા નથી અને તેના સંજોગોમાં જયાં સુધી આ પોલીસ સાહેદોના પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદ જેમ કે પંચસાહેદોના પુરાવાનુ સમર્થન ન મળે ત્યાં સુધી તે પોલીસ સાહેદના પુરાવાને માની શકાય નહી અને તેથી આ કામના આરોપીને હાલના ગુના માટે તકસીરવાન ઠરાવવાથી આરોપીને ગંભીર અન્યાય થવાની સંભાવના રહેલ છે.

૧૨. વધુમાં હાલનાં કામે કેસની હકીકતો જોવામાં આવે તો, ફરીયાદપક્ષ પોતાનો કેસ યોગ્ય રીતે સાબીત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદો તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરેથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબીત કરી શકયા હોત પરંતુ હાલના કામે તેવુ કાંઇ કરવામાં આવેલ નથી. જે શંકાને સ્થાન આપે છે.

૧૩. આમ સબબ કેસની ન્યાયીક કાર્યવાહીનાં અંતે ફરીયાદપક્ષના કેસમાં અનેક ક્ષતીઓ તથા વીરોધાભાસી હકીકતો જણાય આવેલ છે.

૧૪. વધુમાં આ કામે ફરીયાદપક્ષે આરોપી સામે મુદા નં.૧ માં જણાવેલ શીક્ષાને પાત્ર ગુના બદલનો આક્ષેપ કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં અને ભારતીય સાક્ષ્ય અધિ.ની કલમ–૧૦૪ વંચાણે લેવામાં આવેતો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે.જે બોજાનુ વહન કરવામાં ફરીયાદપક્ષ તદન નિષ્ફળ નીવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, જેથી મુદા નં.૧ નો જવાબ " નકાર "માં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:–**આખરી હુકમ**–:

૧. આ કામે તહોમતદારને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧) અન્વયે તેમની સામેના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(સી,ડી
) મુજબના શીક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ કેફી પદાર્થનો અપીલ સમય વીત્યા બાદ નીયમ મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ જામીન અપીલ સમય સુધી અસ્તીત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજ રોજ ખુલ્રી અદાલતમા સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૪/૦૬/૨૦૨૬ (હસમુખભાઇ જયસંભાઇ પરમાર)
સ્થળ. રાજપીપલા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નર્મદા, મુ.રાજપીપળા.
**Judge code GJ 01467**